ટપુંક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

વર્ષ : ૧૯
અંક : ૪

## ખેતી પરના જોખમો

આપણા વિસ્તારમાં લોકોનું જીવન કૃષિ આધારીત છે. આપણી કૃષિ વરસાદ આધારીત છે. અહી સિંચાઈની સૂવિધા કૂવા/બોર પૂરતી મર્યાદિત રહી છે. વરસાદ અને ભૂગર્ભજળ બંને માટે ખેડૂતને માત્ર ભરોસો રાખીને વાવણી કરવી પડે છે. તેમ છતાં વર્ષોથી ખેડૂત આ જોખમ ઉઠાવતો રહયો છે. પુર, વાવાઝોડા, દુષ્કાળ, ફલોરાઈડ, ક્ષાર, રોગ, જીવાત, જનાવરોની રંઝાડ વચ્ચે સંઘર્ષવાળી સ્થિતિમાં ખેડૂત ખેતી કરી રહયો છે. પોતાની રીતે યોજેલા ઉપાયોથી આ લડાઈમાં કયાંક સફળતા મળી રહે છે. તેમ છતાં પોતાની જમીનની કિંમત અને પોતાની મહેનતની સાથે વળતર અન્ય વ્યવસાયોની સરખામણીમાં ઓછું મળે છે. ખેતઉત્પાદન દરમ્યાનના ઉપર વર્ણવ્યા મુજબના જોખમો ઉપરાંત સૌથી મોટું જોખમ બજાર વ્યવસ્થાનું છે.

ખરીફ/રવિના વિવિધ પાકો માટે વીમાની વ્યવસ્થા છે જે ધિરાણ લેતા ખેડૂતોને જોખમ ઘટાડવામાં મદદરૂપ થાય છે. ૧૯૭૨ થી લઈ આજ સૂધીની તમામ વીમા યોજનાઓ અને ખેતઉત્પાદનોની બજાર વ્યવસ્થાથી ખેતીના જોખમોની નજરે જોઈએ તો બંને સમાન છે. દા.ત. મોટરકારને નૂકશાન થાય તો નૂકશાનના પ્રમાણમાં વળતર મળે છે. ત્યારે એ જોવામાં નથી આવતું કે એ વિસ્તારમાં અન્ય મોટરોને નુકસાન થયુ છે કે નહી ? પરંતુ એક ખેડૂતનો પાક નિષ્ફળ ગયો હોય તો તેણે પ્રિમીયમ ભર્યુ હોય તો પણ વીમાનો લાભ મળતો નથી કારણ કે બીજા ખેડૂતોને પાક નિષ્ફળ ગયા નથી. ઘણીવાર પાક સારો થયો હોય તો પણ ખેડૂતને વીમાનો લાભ મળે છે.

ઉત્પાદનોના વેચાણ સંદર્ભે જોઈએ તો દરેક ઉત્પાદકો પોતાના ઉત્પાદનના ભાવ પોતે નક્કી કરે જયારે માત્ર ખેતઉત્પાદનોમા જ ભાવો ઉત્પાદક નક્કી કરી શકતા નથી. તેના ભાવો ખરીદનાર નક્કી કરે છે.

ખેત બજારવ્યવસ્થાનું પણ એવું છેકે જયારે ખેડૂતના ઉત્પાદનો બજારમાં આવે એટલે ભાવો

**સારા વિચાર માનવીને સજ્જન બનાવે છે.**

નીચા થાય ત્યાર પછી એજ વસ્તુ ખેડૂતને પોતાને માટે ખરીદવી હોય તો બમણાં ભાવે ખરીદવી પડે છે. જોખમના સંદર્ભે પણ આ બાબતો તર્કબધ્ધ જણાતી નથી.

આજ સુધી ખેતી પાકો સાથેના જોખમો સામે કવર મેળવવા વીમા યોજના વીમા કંપનીઓ કે સરકારશ્રી દ્વારા દાખલ કરાયેલ છે. તેમાં ઘણાં ફેરફારો પણ થયા. ખેડૂતોને ખરેખર નૂકશાન જેટલું વળતર મળી શકે તેવી ચોક્કસ કોઈ પદ્ધતિ અમલમાં આવી શકી નથી.

ઉપર મોટરકારનું અપાયેલ ઉદાહરણ મુજબ વળતર મેળવી શકાય તો વીમા કંપનીને ખેડૂત જે પ્રિમીયમ ભરે છે તેનો ચોક્કસ ખ્યાલ આવે અને અસંતોષ નુ કોઈ કારણ ન બને.

હાલ પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અમલી બની રહી છે. તે બાબતોથી ખેડૂતો વાકેફ થાય તે જરૂરી છે. પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનામાં પ્રિમિયમ નો દર ખરીફ પાકોમાં ૨ ટકા અને રવી પાકોમાં ૧.૫ ટકા જયારે બાગાયતી અને વાણિજય પાકો માટે ૫ ટકા નિયત થયેલ છે. જેમાં કુદરતી આગ, વીજળી, તોફાન, હિમવર્ષા, વાવાઝોડું, ટાયફુન, આંધી, પુર, જળબંબોળ, ભુસ્ખલન, દુષ્કાળ, વરસાદની ખેંચ અને રોગ/જીવાત વગેરે પ્રકારનાં ઉત્પાદન સાથેના જોખમોને આવરી લેવાયા છે. જયારે યુદ્ધ, તોફાન, ઈર્ષ્યાપૂર્વક કરાયેલ પાકને નુકશાન, ચોરી, ચરીયાણથી નુકશાન, જંગલી પ્રાણીથી થયેલ નુકશાનમાં આ યોજના હેઠળ રક્ષણ મળવાપાત્ર નથી.

કૃષિ વ્યવસાયના જોખમો સામે વીમાનું કવચ મળે તે માટે થયેલા પ્રયાસોમાં એગ્રીકલ્ચર ઈન્સ્યોરન્સ કંપની સાથે રહી ૨૦૧૦ થી ૨૦૧૫ના ગાળામાં સજ્જતાસંઘ અને સાથી સંસ્થાઓએ એક પ્રયાસ કર્યો જેમાં હવામાન આધારીત વીમાની પ્રોડકટ ડીઝાઈન કરી હતી પણ શરૂઆતમાં ખેડૂતો જોડાય તે સંખ્યાને ધ્યાનમાં રાખી તૈયાર થયેલી પ્રોડકટના પ્રીમીયમની રકમ ખુબ ઉંચી આવી હતી. ખેડૂતો મોટા પ્રમાણમાં જોડાય તો પ્રિમીયમની રકમ પરવડે તેવી આવે પણ તેમ થઈ શકયું નહીં. વીમા કંપનીઓ તો જોખમો સામે રક્ષણ આપવા માટે જે પ્રોડકટ તૈયાર કરે તેમાં તેનો નફો હોય તે બાબતને સુનીચીત કરે છે.

આમ, ચારેક વર્ષ નાબાર્ડ સાથે પણ સંવાદ કરી તેમની મદદ મેળવીને કરેલા પ્રયાસોમાં ખેડૂતોને હવામાન આધારિત નુકસાનમાં વળતર મળ્યુ પણ પ્રીમીયમનો દર નીચે ન આવવાના કારણે વધુ ખેડૂતોને આકર્ષી શકાયા ન હતા.

**આળસુ માણસ હંમેશા દેવાદાર અને બીજાને ભારરૂપ હોય છે.**

## સામાન્ય સભા

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની વાર્ષિક સામાન્ય સભા તારીખ ૦૪/૦૬/૧૭ ના રોજ ૧૪ કલાકે નીચે દર્શાવેલ કાર્યસુચિ મુજબના કામકાજ માટે ચલાલારોડ કુમારશાળા પાસે ઉતમ કપાસ પહેલ કાર્યક્રમનુ કાર્યાલય, ખાંભા ખાતે મળશે તો તમામ સામાન્ય સભ્યોએ ઉપસ્થિત રહેવા વિનંતી છે.

**કાર્યસૂચિ**

૧. ગત સાધારણ સભાની કાર્યવાહી નોંધ વંચાણે લઈ મંજુર કરવા બાબત.
૨. ગત વર્ષનો હિસાબ, ૨૦૧૭–૧૮ના અંદાજપત્ર તથા વાર્ષિક અહેવાલની મંજુરી બાબત.
૩. અન્ય સમિતીઓમાં થયેલ કાર્યવાહીને બહાલી આપવા બાબત.
૪. સંસ્થાની પોલીસી (નીતિ)
૫. અધ્યક્ષ સ્થાનેથી રજુ થાય તે.

તા. ૩૧/૦૫/૨૦૧૬ મંત્રી

**ખાસ નોંધ :**

સામાન્ય સભામાં કોઈ સભ્યએ પ્રસ્તાવ, પ્રશ્ન કે ઠરાવ મુકવા હોય તો બેઠકના ચાર દિવસ અગાઉ કાર્યાલયે પહોચાડવા.

## સાધારણ સભા

અમરેલી જીલ્લા મહિલા ઔદ્યોગિક સહકારી મંડળી લી. અમરેલીની વાર્ષિક સાધારણ સભા તારીખ ૦૪/૦૬/૧૭ ના રોજ ૧૬ કલાકે ચલાલારોડ કુમારશાળા પાસે ઉતમ કપાસ પહેલ કાર્યક્રમનુ કાર્યાલય, ખાંભા ખાતે રાખવામાં આવેલ છે. તમામ સામાન્ય સભ્યોએ ઉપસ્થિત રહેવા વિનંતી છે.

**કાર્યસૂચિ**

૧. ગત સાધારણ સભાની કાર્યવાહી નોંધ વંચાણે લઈ બહાલી આપવા બાબત.
૨. વર્ષ ૨૦૧૬–૧૭ના વાર્ષિક હિસાબ, વાર્ષિક અહેવાલ, અંદાજપત્ર (૧૭–૧૮) તથા આયોજનની મંજુરી બાબત.
૩. વ્યવસ્થાપક કમિટીમાં થયેલ કાર્યવાહીને બહાલી આપવા બાબત.
૪. આગામી વ્યવસ્થાપક કમિટીની રચના
૫. અધ્યક્ષ સ્થાનેથી રજુ થાય તે

તા. ૩૧/૦૫/૨૦૧૬ મંત્રી

**ખાસ નોંધ :**

સામાન્ય સભામાં કોઈ સભ્યએ પ્રસ્તાવ, પ્રશ્ન કે ઠરાવ મુકવા હોય તો બેઠકના ચાર દિવસ અગાઉ કાર્યાલયે પહોચાડવા.

*જીવન સંઘર્ષનું બીજું નામ છે.*

## કેરીનું મહત્વ

કેરી ભારત દેશનું રાષ્ટ્રીય ફળ છે. આ ફળ ભારતના દરેક રાજયોમાં જોવા મળે છે. ભારતમાં કુલ ૨૩ પ્રકારની કેરીની જાતો થાય છે. જેવી કે, કેસર, હાફુસ, લંગડો, રાજાપૂરી, તોતાપૂરી, દશેરી, પાયરી, સરદાર, નીલમ, આમ્રપાલી, બેગમપલ્લી, વનરાજ, નિલ્ફાન્સો, જમાદાર, મલ્લિકા, રત્ના, સિંધુ, બદામ, નિલેશ, નિલેશાન, નિલેશ્વરી, વસી બદામી, દાડમીયો વગેરે. ભારતમાં હાલમાં આંબાનું સૌથી વધુ વાવેતર ઉત્તર પ્રદેશમાં (સવા લાખ એકર) થાય છે. તે પછી તમીલનાડુ, બિહાર, પશ્ચિમબંગાળ, ઓરીસ્સા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને આસામનો નંબર આવે છે. મહારાષ્ટ્રમાં આલફાન્ઝો અને પાયરી જેવી વેપારી દ્રષ્ટીએ ઉત્તમ કેરીઓ થાય છે. ગુજરાતમાં મુખ્યત્વે વલસાડ, સુરત, ભરૂચ, તેમજ ઓછાવત્તાં પ્રમાણમાં દરેક જિલ્લામાં કેરીઓ થાય છે. સૌરાષ્ટ્રના જૂનાગઢ, ભાવનગર અને જામનગર જિલ્લામાં પણ કેરીનુ સારૂ ઉત્પાદન થાય છે.

## <u>કેરીનો વિસ્તાર (હેકટરમાં)</u>

ભારત–૨૧૪૩૦૦૦,
ચીન–૪૪૫૦૦૦, ઈન્ડોનેશીયા– ૨૬૬૦૦૦, થાઈલેન્ડ–૨૮૫૦૦૦, વિયેતનામ–૫૨૦૦૦, બ્રાઝીલ–૮૯૮૦૦, પાકિસ્તાન–૨૧૫૦૦૦, મેકિસકો–૨૦૦૦૦૦, બાંગ્લાદેશ–૫૧૦૦૦, ફિલીપાઈન્સ– ૧૮૧૦૦૦, નાઈજીરીયા–૧૨૬૫૦૦, હેકટરમાં ઉત્પાદન થાય છે. દુનિયાનાં કુલ ઉત્પાદનનાં ૪૦ ટકા થી વધુ ભારત ઉત્પાદન કરે છે. ત્યારબાદ ચીન અંદાજે ૧૧ ટકા અને પાકિસ્તાન અંદાજે ૭ ટકા ઉત્પાદન કરે છે.

તા. ૨૨ અને ૨૩ એપ્રીલ ૨૦૧૭ના રોજ ધારી અને ઉના તાલુકાના કેરી પકવતા ખેડુતોને સારા ભાવ મળે તે માટે માર્કેટીંગ, પ્રોસેસીંગ માટે મીટીંગનું આયોજન થયેલ જેમાં ગુજપ્રોના ચેરમેન હેમંતભાઈ નાયક, સુરેશભાઈ ગોહીલ અને નિરવભાઈ સોલંકીએ ખેડૂતોને માહીતી આપી કેરીના વેપારીઓ સાથે મુલાકાત કરાવી.

## પીએમએફબીવાય

પ્રધાનમંત્રી ફસલ વિમા યોજનામાં સમાવિષ્ટ ન થયા હોય તેવા ખેડૂતોને આ યોજનામાં જોડાવા માટે પ્રોત્સાહિત થાય તે હેતુથી સજ્જતાસંઘ અને ડીએસસી દ્વારા એક કાર્યશાળા યોજાઈ જેમાં શ્રી સુરેશભાઈ ગોહિલએ ઉપસ્થિત રહી માર્ગદર્શન મેળવ્યું હતુ.

## પીઓપીવાય તાલીમ

તા. ૧૯ થી ૨૧ એપ્રિલ દરમ્યાન નાબાર્ડ સમર્થિત અને સજ્જતાસંઘ દ્વારા આયોજીત વેલ્યુચેઈન એનાલિસીસ અને બિઝનેશપ્લાન માટે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું તેમાં ૧૧ એનજીઓના પ્રતિનિધીઓએ ભાગ લીધો હતો.

*સ્વાર્થ નહી હોયતો દુઃખ ઓછું થશે.*

## મેનેજમેન્ટમાં સિસ્ટમનો અભિગમ

સિસ્ટમનાં અભિગમને સમજવા પહેલા આપણે તે અંગેના વિચારો જાણવા જોઈએ જેમાં પ્રથમ તો દરેક સિસ્ટમને સબસિસ્ટમ હોય છે. માનવીનું શરીર પણ ઘણી સબસિસ્ટમનું બનેલુ હોય છે. જેમાં શરીરમાં શ્વાસોશ્વાસનીક્રિયા, પાચનક્રિયા, લોહીના પરિવહનની વગેરે પક્રિયાઓ ચાલતી હોય છે.

સિસ્ટમ અનેક સબસિસ્ટમો સાથે સંકળાયેલ છે જેથી કોઈ એક સબસિસ્ટમ બદલીએ તો તેની અનેક સબસિસ્ટમ પર અસર થાય છે. જો આ અસર પોઝીટીવ પડે તો તેને સિનર્જી કહેવાય છે. આમ દરેક મેનેજમેન્ટ ક્ષેત્રમાં પણ પાંચ સબસિસ્ટમનાં જોડાણ જાણવા પડે અને તેની આંતર સંબંધોની અસરકારકતા ચકાસવી પડે છે જેમાં ઉત્પાદન, માર્કેટીંગ, નાણાકીય, માનવ સંશાધન તેમજ સંશાધન અને વિકાસ.

**દા.ત.**

પ્રોડકશન એ એક સબસિસ્ટમ છે તેની સબસિસ્ટમ પ્રોડકટનું પ્લાનીંગ, કંટ્રોલ અને અન્ય ઓપરેશનલ કામગીરી વગેરે તેમજ માર્કેટીંગનાં સબસિસ્ટમા પ્રોડકટનું પ્રમોશન, જાહેરાત, ડીસ્ટ્રીબ્યુટર ડીલરની ચેનલ વગેરેનો સમાવેશ થાય છે. માર્કેટીગ એ એક મહત્વનું સબસિસ્ટમ છે તેમના દ્વારા જ પ્રોડકટની માંગ, ગુણવત્તા, ગુણવત્તામાં ખામીઓ દેખાય, ભાવ વધારે હોય, પેકીંગ ડિઝાઈન બરાબર ન હોય તો મીડીયેટર ચેનલના ફીડબેક અગત્યનો ભાગ ભજવે છે. કોઈ પણ પ્રક્રિયા કેવી રીતે ચાલે, કયા સુધારાની જરૂર છે વગેરે આપણે એક ફીડબેક દ્વારા જ જાણી શકીએ અને તેમાં પરીવર્તન લાવી શકાય.

**દા.ત.**

કોઈ સારી હોટલમાં જમવા જઈએ અને ત્યાનું મેનેજમેન્ટ ગ્રાહકના વિવિધ ફિડબેક જેવા કે ફુડ સર્વિસ, અરેન્જમેન્ટ, હોટલનું વાતાવરણ કેવું લાગ્યું વગેરે વ્યૂ લઈ તેમાં પોઝીટીવ વ્યૂ દેખાય તો બદલાવ લાવે છે અને હોટલને સારી રીતે ચલાવવા મહેનત કરતા હોય છે.

આમ કોઈપણ ફીલ્ડમાં આપણે કાર્ય કરતા હોઈ પરંતુ ફીડબેક લેવો એ એક મહત્વનું પાસુ છે અને તેના વગર વિકાસ શકય નથી. એટલે જ તો ઘણા પાયોનીયરે કહયું છે કે

Management as a 'System' of as an organised whole make up of sub systems integrated into a unity.

– ***પરીતા પટોળીયા***

> બે વસ્તુ જીવનમાં સફળતા નક્કી કરે છે, જયારે કંઈ નથી ત્યારે તમારૂં મેનેજમેન્ટ અને જયારે બધું છે. ત્યારે તમારૂં વર્તન.

**જેટલા દિવસ જીવો તેટલા દિવસ ફુલ બની જીવો કાંટા બનીને નહી.**

## ટકાઉ ખેતી

ખેડુત મિત્રો, એપ્રિલ મહિનાના આકરા તાપની શરૂઆત થઇ ચુકી છે. અત્યારે ખેતરને નવા રૂપ રંગ આપવા માટેનો ઉતમ સમય છે. જેમકે ઉંડી ખેડ કરવી. શેઢા પાળાની યોગ્ય સફાઇ કરવી કે પછી છાણીયા ખાતરને ચાસમાં ભરવાનું હોય. અને સાથે જમીનની ચકાસણી કરવાની હોય જેના માટેનો યોગ્ય અને ઉતમ સમય છે. ઉપરની બાબતોને ઘ્યાનથી કરવામા આવે તો આવતી સીઝનમાં રોગ જીવાત નિયંત્રણ ખર્ચ તેમજ રાસાયણીક ખાતરના ખર્ચમાં ઘટાડો લાવી શકાય. દરેક ખેડુત મિત્રો જમીનને યોગ્ય માવજત આપે તો ગયા વર્ષના કોશેટા અને અન્ય જીવાતોના ઈંડાનો નાશ થાય જે ભવિષ્યમાં ઓછુ નુકશાન કરે કપાસ વાવતા ખેડુતોએ બિયારણની પસંદગીમાં ખુબજ કાળજી લેવી જરૂરી છે, જેમકે ત્રિપલ બીટી હજી માર્કેટમાં આવ્યું નથી માટે કોઈ ત્રિપલ બીટીના નામે બિયારણનો દાવો કરે તો પાકું બીલ માંગવું. તેમજ ગુલાબી ઈયળનો ખતરો તો છે જ માટે સાવધાની ખુબજ જરૂરી છે. ચાલુ સિઝનમાં વરસાદ પછી જ તમામ ખેડુતોએ એકજ સાથે કપાસની વાવણી કરવી જે ખુબજ જરૂરી છે. જેનાથી ગુલાબી ઈયળથી બચી શકાય. તેમજ ઝડપથી પાકતી જાતોની જ પસંદગી કરવી. જેમાં ઉના, ગીરગઢડા, અને ખાંભા તાલુકાના પ્રોજેક્ટ સર્વેમાં ઝડપથી અને મઘ્યમ મોડી પાકતી જાતો નીકળી આવી છે. જેને પણ આપ પસંદગી આપી શકો જે બિયારણોની જાણકારી આપના ગામમાં આવતા એસએસકેકે ટાટા બીસીઆઈના કાર્યકરો પાસેથી લઈ શકો છો. બે હાર અને બે છોડ વચ્ચેનું અંતર શકય હોય તેટલું ઘટાડવું. જેનાથી છોડની સંખ્યામાં વધારો થશે જેથી સરેરાશ ઉત્પાદનમાં વધારો કરી શકાશે. અથવા તો આંતર પાકનું વાવેતર કરવું. કોઇ પણ પાકનું વાવેતર કરતા હોય પાયાના ખાતર તરીકે ભલામણ મુજબ સીંગલ અથવા ડબલ સુપર ફોસ્ફેટ ખાતરનો જ ઉપયોગ કરવો. ડીએપી ખાતરનો ત્યાગ કરવો. ખેતીના ઇનપુટ યોગ્ય સરકારી નીયમો સાથે ચાલતા એગ્રોમાંથી ખરીદી કરતી વખતે પાકું બીલ લેવું તેમજ તે બીલને સાચવીને રાખવું. કપાસની બે નંબરના બીયારણોની ખરીદી કરવી નહી. જેમાં અંતે ખેડુતોનું જ નુકશાન છે. શકય હોય તો હાથથી જ કપાસની વાવણી કરવી જેથી મોંઘા બીયારણનો યોગ્ય ઉપયોગ કરી શકાય. વાવણી સાથે પ્લાસ્ટીકની કોથળીઓમાં થોડું બીયારણ વાવી દેવું જેથી જો ખાલા પડે તો તે ઉપયોગમાં લઇ શકાય. દોસ્તો ઘણાં ખેડુતો પાયાનું ખાતર આપતા નથી અને પાળા ચડાવતી વખતે ફોસ્ફરસ ખાતરનો ઉપયોગ કરે છે. તેનાથી ઉત્પાદન અને ખર્ચમાં ખુબજ મોટું નુકશાન થાય છે.

*– ડી.એન.ઝાલા ૯૮૨૫૪૨૨૨૪૪*

**સદગુણ વિના સુંદરતા અભિશાપ છે.**

## વાર્ષિક મીલન

સંસ્થા સાથે જોડાયેલ સંગઠનો હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટ, અમરેલી જીલ્લા મહિલા ઔદ્યોગિક સહકારી મંડળી લી., અવિરત એગ્રો પ્રોડયુસર કંપની લી., ગીર ફાર્મર્સ પ્રોડયુસર કંપની લી., જાફરાબાદ એગીકલ્ચર પ્રોડયુસર કંપની લી., સોરઠ એગીકલ્ચર પ્રોડયુસર કંપની લી., અન્ય સાથી તેમજ સહયોગી સંસ્થાઓ વ્યકિતઓ, લક્ષિત સમૂહના સભ્યો, સંસ્થાનો સ્ટાફ, સંસ્થાના સભાસદો, શુભેચ્છકો સાથે મળી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની કામગીરીની સમીક્ષા તેમજ લક્ષિત સમૂહની તકલીફો સમજવામાં તથા આ સમૂહને તેના ઉકેલની દિશામાં લઈ જવામાં ઉપયોગી થાય તે માટે દર વર્ષે વાર્ષિક મીલન યોજવામાં આવે છે. આ વર્ષે આ મીલન તારીખ ૦૪/૦૬/૧૭ ના રોજ સવારના ૧૦–૦૦ કલાકે ખાંભા મુકામે રાખવામા આવેલ છે.

સંસ્થા સાથે જોડાયેલ તમામ સંસ્થાઓ, સંસ્થાના સાથી મિત્રો, ભુતપુર્વ તથા હાલના સ્ટાફગણ, સંસ્થાના સભાસદો, શુભેચ્છકો સૌને આ સંમેલનમાં ભાગ લેવા નિમંત્રણ છે. સંમેલનમાં આપના પ્રતિભાવો / ઉપયોગી સૂચનો તથા માર્ગદર્શન મળી રહે તે આ સંમેલનનો મુખ્ય ઉદેશ છે. તો આપની ઉપસ્થિતી અંગે સ્નેહા મારૂ મો.નં. ૮૩૪૭૩૧૭૩૧૦ પર જાણ કરવા વિનંતી છે.

**વાંચક મિત્રો,**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે મોકલી શકશો તેમજ સંસ્થાને તેના કાર્યોમાં આપ ઓનલાઈન ડીઝીટલ પધ્ધતિનો ઉપયોગ પણ કરીને આર્થિક સહયોગ આપવા નીચેની લીકને ઉપયોગમાં લેવા વિનંતી છે.

**https://letzchange.org/nonprofits/shikshan-ane-samaj-kalyan-kendra/what-we-do**

આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. તેથી અન્ય લોકો તે વિશે માહિતગાર થશે.

***– એસએસકેકે ટપક ટીમ***

બે અક્ષરનું નામ હોય છે. **લક**
અઢી અક્ષરનું નામ હોય છે. **નશીબ**
સાડા ત્રણ અક્ષરનું નામ હોય છે. **કિસ્મત**
પરંતુ આ ત્રણેય માંથી ચાર અક્ષરના **મહેનત** સામે ખુબ નાના હોય છે.

***સિધ્ધિની સીડી ચડવા માટે સાહસ એ પ્રથમ પગથિયું છે.***

**Happy birthday**

| | |
|---|---|
| Pankaj Sarvaiya | 04.05.1993 |
| Pushpa Gohil | 08.05.1968 |
| Jasu Kalotra | 12.05.1995 |
| Nayan Gandhi | 15.05.1965 |

**In this month**

5 Team meeting at Dhokadva.

7 Sorth BOD meeting at Dhokadva.

8 JAAPCO BOD meeting at Chhelana.

10 Pathey health awareness workshop at Rajkot.

10 Assessment test & repair.

12 Sorth PIMC meeting at Dhokadva.

13 Workshop for partners of crop insurance project.

19-20 Master training water campaign.

19-21 Value chain analysis & Business plan training at Ahemdabad.

20 Coordination committee meeting at Dhokadva

20-21 JSA Pathey budget integrated meeting at Vadodara.

28 PIMC meeting of Gir farms and JAAPCO

28 Orientation of new PUs in Babra & Khambha block

હરિરાજ સંસ્થાએ આ વર્ષે કોટન કનેક્ટ સાથે રહી બાબરા–અમરેલી તથા ખાંભા એમ બે વિસ્તારોમાં ૭૫૦૦ ખેડૂતો સાથે "ઉતમ કપાસની પહેલ" કાર્યક્રમ શરૂ કરેલ છે.
બેઈઝ લાઈન તથા ખેડૂતોની નોંધણીની કાર્યવાહી પુર્ણ થવા પર છે.
વલારડી મુકામે ખેડૂતો સાથે તા. ૨૫ના રોજ પ્રથમ ઓરીએન્ટેશન કાર્યશાળા યોજી હતી.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2015-17**
**Valid Upto 31/12/2017**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SSKK
ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**પાપ કદી માનવીને ચેનથી સુવા દેતુ નથી.**